# વિજલપૂર શહેરના સીનીયર સીટીઝન માટે કિચન ગાર્ડન અંગેનો તાલીમ કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી ખાતે યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,નવસારી ખાતે વિજલપૂર શહેરના સીનીયર સિટિઝનો માટે તા. ૯/૧૦/૨૦૧૪ ના રોજ ઓછી જગ્યામાં કઈ શાકભાજી કરી શકાય (ઘર આંગણે શાકભાજી) તે બાબત વિશે એક તાલીમ કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં કુલ ૬૫ વડીલ ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહયા હતા કાર્યક્રમની શરૂઆત કેન્દ્રના વડા એવા ડાં.સી.કે.ટીંબડીયા સાહેબ સર્વે મહેમાનનું સ્વાગત કરી આ તાલીમનું મહત્વ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ની કાર્ય પધ્ધતિ વિશે સભ્યોશ્રી ઓને વાકેફ કર્યા. આ કાર્યક્રમમાં કૃષિ યુનિવર્સીટી સંચાલન મંડળના સભ્ય એવા ડાં. આર.આર.કસવાલા, વિજલપોર સીનીયર સીટીઝનના પ્રમુખ એવા શ્રી હરિભાઈ ટંડેલ, નાવસારી શહેર સીનીયર સીટીઝનના પ્રમુખ એવા સુરેશભાઈ દેસાઈ, નવસારી કૃષિ કોલેજના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડાં.જી.આર.પટેલ , ન.મ.કૃષિ મહાવિધાલય,નવસારીના આચાર્યશ્રી ડાં. એમ.કે.એરવાડીયા અને કૃષિ કોલેજના નિવૃત પ્રધ્યાપકશ્રીઓ ડાં.વી.સી.રાજ, ડાં.આર.ટી.દેસાઈ , ડાં.ભુવા, ડાં.વેકરીયા, ડાં.સુમનભાઈ પટેલ, ડાં.અવાડરીયા વગેરે મહાનુભવોએ કિચન ગાર્ડનની અગત્યતા અને આજના જમાનાની માંગ પ્રમાણે કઈ રીતે ઘર આંગણે છોડ નો ઉછેર કરી શકાય એ બાબતે વિસ્તૃતમાં માહિતી સીનીયર સિટીઝનના સભ્યોને આપવામાં આવેલ.




ત્યારબાદ કેન્દ્રના વિષય નિષ્ણાંત (બાગાયત) એવા શ્રી બી.એમ.ટંડેલે સીનીયર સીટીઝનના સભ્યોશ્રી ઓને ખુલ્લી જગ્યામાં, ટેરેસપર, બાલ્કનીમાં ઘરની આજુ–બાજુની જગ્યાનો ઉપયોગ કરી કઈ રીતે એમાંથી તંદુરસ્ત દવા વગરની શાકભાજી કઈ રીતે બનાવવી, શાકભાજી ઉછેર માટે કઈકઈ કાળજી રાખવી વગેરે બાબતોને ઉડાણ પુર્વક સભ્યોશ્રીઓને સમઝણ આપવામાં આવેલ.




ત્યારબાદ અસ્પી બાગાયત કોલેજના સહ પ્રાધ્યાપક એવા ડાં. અલ્કા સિંગે સભ્યોને ઘરની અંદર અને બહાર શુશોભિત છોડને કઈ રીતે માવજત કરવી, કયા છોડ રોપી શકાય એ બાબતે માગદર્શન આપવામાં આવ્યું. હાલ કુદરતી ઔષધિય વનસ્પતિઓનું મુલ્ય દિવસે દિવસે વધતુ જાય છે. તેના માટે લોકોમાં જાગૃતિ આવે એ માટે ફોરેસ્ટ્રી કોલેજ, નવસારીના ડાં. બિમલ દેસાઈ એ સૌને ઘરની આજુ બાજુ કઈ કઈ વનસ્પતિ ઉગાડી શકાય અને તેનો ઉપયોગ માનવ શરીરના તંદુરસ્તી માં કઈ રીતે થઈ શકે એ બાબતની સંપૂર્ણ જાણકારી સીનીયર સીટીઝનના સભ્યોને આપવામાં આવેલ. છેલ્લે ડાં.આર.ટી.દેસાઈ સાહેબે સૌનો આભાર વ્યકત કરી કાર્યક્રમને પૂર્ણ કરેલ આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ન.મ.કૃષિ મહાવિધાલયની વિધાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું